માનનીય અધક્ષશ્રી જ્યારે
ભારત અત્યારે વિકસિત ભારત માટે સંકલ્પબધ્ધ થઈ રહ્યો છે અને માનનીય મોદીસાહેબ ભારતને પાચમી મોટી અર્થવ્યવસ્યા થી ત્રીજી મોટી અર્થવ્યવસ્થા આવનાર ભવિષ્યમાં બનાવામાટે પ્રતિબધ્ધ્ય છે આવા અમૃતકાળમાં શહેરી વિકાસ અને શહરી ગૃહ નિર્માણ વિભાગની યોજનાઓ ઉપર મારૂ અનુમોદન આપીને મારા વિચારો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા હું ઉભી થઈ છું

માનનીય અધક્ષ્યશ્રી આજે
મને અમૃત યોજના વિશે બોલવાનું આવ્યું છે ત્યારે મને કેહતા આનંદ થાય છેકે અમૃત યોજના આ કેન્દ્ર સરકારની યોજના છે જેનો લાભ ગુજરાત રાજ્યએ સૌથી વધુ લીધો છે .'સ્માર્ટ સિટી ના ઉદ્ધેશ સાથે જરૂરી ઈનફ્રાસ્ટ્રચરના વિકાસ માટે અને એની સાથે સાથે પ્રર્યાવરણને લગતી સમશ્યાઓના સ્માર્ટ સોલ્યુશનના ઉમદા હેતુથી શહરી વિકાસ મંત્રાલય ,ભારત સરકાર દ્વારા 'અમૃત યોજના ' જુન -૨૦૧૫ માં લોન્ચ કરવામાં આવી હતી. અને તેજ લેગેસી [વારસો] ને આગળ વધારતા ઓક્ટોબર -૨૦૨૧ માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે અમૃત -ટુ યોજના લોન્ચ કરવામાં આવી હતી .

માનનીય અધક્ષ્યશ્રી

મને કેહતા આનંદ થાય છે કે સૌથી વધારે આ યોજના નો લાભ જો કોઈ શહર એ લીધો અસે તો એ હું જે શહર માં થી આવું છું એ સૂરત શહર ના સુરત મહાનગર પાલિકા એ લીધો છે .અમૃત યોજના ૧ હેઠળ સુરત શહેરના
વેસુ ,જહાગીરપૂરા ,જહાગીરાબાદ ,ગોપીપુરા ,સંગ્રામપુરા ,જેવા વિવિધ સ્થળોએ કુલ ૨૦૯ લિટર ક્ષમતા સાથે ૧૦ ESR છે આ તમામ ESRS એ વિસ્તારના લોકોનો પુરતા પ્રમાણમાં જથ્થાસાથે પાણી પુરવઠાની જરૂરિયાત પૂરી પાડે છે આ વિસ્તારના લોકોને ૨૪/૭ પાણી પુરવઠા યોજના હેઠળનો લાભ પણ મળે છે . અંદાજે ૫.૪૭ લાખ લોકો આ યોજના નો લાભ લઇ રહ્યા છે

માનનીય અધ્યક્ષશ્રી

તેમજ સુરતના બમરોલી આંજણા ભેસાન સિંગનપોર આસરમા ,ખજોદ ભટાર જેવા વિવિધ સ્થળોએ અમૃત યોજના હેઠળ કુલ ૧૧૬૧.૫૦ MLD ક્ષમતા સાથે ૦૭ STP  અપગ્રેડ વધારવામાં આવ્યાં છે આ પ્રોજેક્ટના અમલીકરણ કારણે સામાજિક આર્થિક અને પર્યાવરણીય દ્રષ્ટીકોણથી આ પ્રોજેક્ટ ખાડીમાં ગંદા પાણી નો નિકાલને દૂર કરવા સહિત જમીન અને જળ પ્રદૂષણ ને અટકાવામાં આવશે

માનનીય અધ્યક્ષશ્રી.

12\\\\\કલેક્શન કન્વેયન્સ અને ટ્રીટમેન્ટ સિસ્ટમ માટેની અધતન ટેક્નોલોજી પ્રયાવરણીય પ્રદૂષણ તેમજ ટ્રીટ કરીને ટ્રીટેડ વેસ્ટ વોટરને રિસાયકલ કરીને સચીન જીઆઇડીસી અને પાંડેસરા જીઆઈડીસી ને ઉધ્યોગો માટે આપવામાં આવે છે તેમજ બાગકામ ગટર સાફ કરવાના હેતુવો માટે પૂનઃઉપયોગ કરવા વપરાશ માં લેવામાં આવે છે અંદાજે ૧૨૦ કરોડ વાર્ષિક આવક અમૃત યોજના હેટળ આ ૦૭ એસટીપી દ્વારા ૫૭.૬૯ લાખ લોકોને લાભ મળી રહ્યો છે .

માનનીય અધ્યક્ષશ્રી

અમૃત ટુ યોજના અંતગર્ત સુરત મહાનગર પાલિકા દેશમાં શ્રેષ્ટ્ર પ્રદર્શન કરનાર શહરમાંથી એક  પ્રથમ શહર  છે

માનનીય અધ્યક્ષશ્રી
મને જણાવતા આનંદ થાય છે  શહરી વિકાસ અને ગૃહ નિર્માણ માટે આ બજેટ માં કુલ

રૂપયા ૨૧,૬૯૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે .

આજે જ્યારે આપના ગુજરાત રાજ્યના શહરના વિકાસની વાત કરીએ તો આજે રાજ્યના શહરોનો  વિકાસ ખૂપજ ઝડપથી થઈ રહ્યો છે આજે શહરોને આર્થિકરીતે ગતિશીલ ,જીવંત ,રહેવાલાયક અને પ્રયાવરણ ની દ્રષ્ટ્રીએ ટકાઉ તેમજ સક્ષમ બનાવામાટે ‘ઈજ ઓફ લિવિંગ પર ‘ ધ્યાન આપવું આવશ્યક છે ,શેહરોમાં માર્ગો,પુલો ,પાણી,પૂરવઠો,ગટર -વ્યવસ્થા ,આરોગ્ય અને પરિવહન જેવી માળખાકીય સગવડોને સુદ્રઢ કરવામાં આવી રહી છે.

માનનીય અધક્ષશ્રી

આજે ગુજરાત ના શહેરો પ્રાથમિક સુવિધા થી પરિપૂર્ણ થઈ ગયા છે આજે ગુજરાતનું એક પણ આવું શહર ની હોય જે શહર નો વિકાસ ની થયો હોય .આજે ગુજરાતના શેહરોમાં નવા નવા પ્રોજેક્ટ આવી રાહ્યા છે  આજે નદીયો પર પુલ કેબલ બ્રિજમળી રહ્યા છે .

માનનીય અધક્ષ્યશ્રી

શહરી વિસ્તારોમાં પ્રાકૃતિક આપદાવો તેમજ ફાયર ની સુવિધા પૂરી પાડવા તંત્રની સક્ષમતાને વધારવામાં  આવશે .શહરી ગરીબોને આવાસ ની સુવિધા ઉપલબ્ધ કરાવવા પ્રધાનમંત્રી આવાસ યોજના શહરી અંતર્ગત  બાકી રેહતા લાભાર્થીઓ માટે સમયબદ્ધ રીતે કામ કરવામાં આવશે .

માનનીય અધક્ષશ્રી

હું જે શહર થી આવું છું એ સુરત શહર ની વાત કરું તો મારા સુરત શહરને ઈતિહાસ નો અનુભવ છે વર્તમાન માં રફતાર જે શહરની છે .                                એ સુરત શહર ની વાત કરીએ તો વિશ્વમાં સૌથી ઉંચી ઇમારત છે એ ડાયમંડ બ્રુસ નો શુભારંભ દેશના વડપ્રધાન શ્રી મોદી સાહેબ ના હસ્તે કરવામાં આવ્વ્યો હતો .3 વર્ષમાં સુરતનો હીરા વ્યાપાર ૧ લાખ કરોડ વધસે જેના લીધે કેન્દ્ર સરકારને ૧૮૦૦ કરોડની આવક થસે   ડાયમંડ બ્રુસ

સૂરતના ના લોકોના જીવનમાં અનેક રંગો ઉમેરવા જઈ રહ્યો છે ડાયમનો બ્રુસ આવાથી ૫૦,હાજર લોકોને રોજગારી મળસે ત્યારે સુરત શહર નો વિકાસમાં ઉત્તરોત્તર વધસે સુરત આજે દેશ વિદેશ માં પ્રસિધ્ય થઈ ગયું છે .

માનનીય અધક્ષશ્રી

શહરોમાં મેટ્રો રેલ શરૂ થઈ રહ્યા. આ બજેટમાં અમદાબાદ અને સુરત શહેરમાટે  ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે 1800 કરોડની જોગવાઇ કરવામાં આવી છે .

દેશના વડાપ્રધાન શ્રી એ જે લોકોને આવાહન કર્યું હતું ત્યારથી સુરત શહર નો જ નહી પણ દેશ નો એક એક નાગરિક સ્વચ્છતાનો આગ્રહ રાખતાં થઈ ગયા છે  આજે શહર સ્વચ્છ છે ગામડાઓ સ્વચ્છ છે લોકોની વિચારસરણી બદલાઇ છે આજે મને જણાવત આનંદ થાય છે સુરતશહર સ્વચ્છતામાં નંબર વન પર આવ્યું છે  મહામહિમ રાસ્ટ્રપતિ જી ના હસ્તે સુરત શહર ને નંબર વન નો પુરસ્કાર આપવામાં આવ્યો છે.

માનનીય અધક્ષશ્રી

ગાંધીનગર ખાતે આવેલ ગિફ્ટસિટી તરીકે ઓળખાતું ગિફ્ટસીટી ગ્લોબલ ફાયનાન્સ તરીકે ઉબરી રયુ છે ગિફ્ટ સીટી ને ગ્રીન સીટી તરીકે ઓળખાવમાં આવશે ગિફ્ટસિટી માં વિકાસ કાર્યોને પરિપૂર્ણ કરીને ‘વોક ટુ વર્ક ‘’ ‘લિવ-વર્ક -પ્લે  કમ્યુનિટી’ની કલ્પના સાકાર થસે આ વિકાસ કાર્યોમાં 4.5 કી.મી. લાબો રિવરફ્રન્ટ રીકીએશનલ ઝોન ,શેક્ષણિક સસ્થાઓ આરોગ્યલક્ષી સવલતો મેટ્રો કનેક્ટિવિટી તેમજ સેન્ટ્રલ પાર્ક ની સુવિધાઓ નો સમાવેશ થસે .